શ્યામજી કૃષ્ણ વર્માની પદવી આનંદીબેન પટેલને અર્પણ

કચ્છના પનોતાપુત્ર અને ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માને બ્રિટિશ સરકારે ૧૯૦૫માં બેરિસ્ટર પદવી આપી હતી

ગાંધીનગર, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તાજેતરના તેમના બ્રિટન પ્રવાસ દરમ્યાન પુનઃપ્રાપ્ત થયેલી ક્રાતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્માની ૧૯૦૫ની ઈંગ્લેન્ડની બેરીસ્ટરની પદવી આજે તેમણે શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ભુજમાં યોજાયેલા ગરિમા પૂર્ણ

સમારોહમાં સન્માન પૂર્વક સુપ્રત કરી હતી.પ્રધાન મંત્રીના રાજદ્વારી પ્રયત્નોની ફલશ્રુતિએ બ્રિટનની સોસાયટી ઓફ ધ ઈનર ટેમ્પલ દ્વારા ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્માજીની બેરીસ્ટરની સનદ ભારત સરકારને પુનઃપ્રાપ્ત થઈ છે. કચ્છના પનોતા પુત્ર અને ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માને બ્રિટિશ સરકારે ૧૯૦૫માં બેરિસ્ટરની પદવી આપી હતી ત્યારબાદ ૧૯૩૦માં બ્રિટિશ બાર એસોસિએશને તેમની સનદ રદ કરી હતી. નવેમ્બર મહિનામાં જ્યારે વડાપ્રધાન મોદી બ્રિટન ગયા હતા ત્યારે બ્રિટિશ વડાપ્રધાન ડેવિડ કેમરુને શ્યામજી કૃષ્ણ વર્માની બેરિસ્ટરની પદવી પુન સ્થાપિત કરીને આપી હતી. આજે મોદીએ મુખ્યમંત્રી આ પદવી સોંપી હતી.

ખરોડ હાઈસ્કુલ ખાતે માઈન્ડ પાવર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

વિજાપુર તાલુકાના ખરોડ ગામે આવેલ ડી.એમ.જે. પટેલ શિક્ષણ સંકુલ ખાતે શાળામાં અભ્યાસ કરતા નાના વિદ્યાર્થીઓનો માઈન્ડ પાવર વધારવા માટે આજ રોજ જે.સી. પટેલ દ્વારા માઈન્ડ પાવરની શિબિર યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શાળામાં અભ્યાસ કરતા બાળકો હાજર રહ્યા હતા. ખરોડ ગામની ડી.જે.એસ. પટેલ સંકુલમાં કાર્યરત એમ.વી. પટેલ સર્વોદય વિદ્યામંદિર તથા જી.એન. પટેલ ઉચ્ચતર સર્વોદય વિદ્યામંદિરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આજ રોજ માઈન્ડ પાવર શિબિરમાં વિદ્યાર્થીઓને કોઈ પણ કાર્યમાં મનની એકાગ્રતા ખુબ જરુરી છે તે કેવી રીતે કેળવાય તેની સમજ આપી હતી. રોજનું કાર્ય રોજ કરવું, માતા-પિતા, ઈષ્ટદેવનું સ્મરણ કરવું, જીવનમાં નાનપણથી જ સકારાત્મકતા વિચાર શૈલી ઉતારવી સહિતના વિષય પર માઈન્ડ પાવરના જાણીતા જે.સી. પટેલ દ્વારા ત્રણ કલાક વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન પીરસ્યું હતું

ગોલ્ડન બ્રિજ નજીક આજે ચારમાર્ગીય બ્રિજનું મુહૂર્ત

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તા. ૧૯મી ડિસેમ્બર-૨૦૧૫ને શનિવારના રોજ ભરૂચમાં જુના નેશનલ હાઈવે નં.૮ ઉપર કિ.મી ૧૯૩-૮ થી ૧૯૫-૨ વચ્ચે ગોલ્ડન બ્રીજની બાજુમાં સમાંતર નર્મદા નદી ઉપર નવા ચારમાર્ગીય પુલનું ખાતમુર્હુત કરવાના છે. ભરૂચ તરફ ૮૫૦ મીટર લંબાઈમાં જેમાં ૨૦ મીટર સોલીડ એપ્રોચ તથા ૬૪૦ મીટર વાઈડ પોર્સન અને સુરત તરફ ૧૭૦૦ મીટર લંબાઈના એપ્રોચ રોડ સહિત નિર્માણ પામનારા આ નવા પુલનું બાંધકામ ૩૦ માસમાં પૂર્ણ કરવામાં આવશે. આ બ્રિજનું ૩૦૯.૧૦ કરોડના અંદાજીત ખર્ચે માર્ગ મકાન વિભાગ નિર્માણ કરશે. ભરૂચ જિલ્લાના મુખ્ય મથક ભરૂચની બાજુમાંથી વહેતી નર્મદા નદી પર હાલમાં ભરૂચ ગોલ્ડન બ્રિજ તથા રેલ્વે લાઈનના બ્રિજ સહિત બે પુલ આવેલ છે અને ગોલ્ડન બ્રિજ ૧૮૮૨ની સાલમાં અંગ્રેજ શાસનના સમયે બનાવવામાં આવ્યો હતો. નર્મદા નદીના સામે છેડે અંકલેશ્વર શહેર આવેલ છે જેમાં એશિયા ખંડની સૌથી મોટી જીઆઈડીસી આવેલ છે. તેમજ ગુજરાત સરકારે ભરૂચ શહેર તથા અંકલેશ્વર શહેરને જોડીને ટવીન સીટી બનાવવાની યોજનામાં તેનો સમાવેશ કરેલ છે. ગોલ્ડન બ્રિજ જુનો હોવાથી તેના પરથી હાલમાં નાના તથા હલકા વાહનોની અવર-જવર માટે અંદાજે છેલ્લા ૨૦ વર્ષ કે તેથી વધુ સમયથી પરવાનગી આપેલ હોવાને કારણે ભારે વાહનોને નવા નેશનલ હાઈવે પરથી ફરીને અંકલેશ્વર જવું પડે છે. નવા નેશનલ હાઈવે પરના જુનો સરદાર બ્રિજ પ્રસંગોપાત અને જરૂરિયાત મુજબના સમયે વખતોવખતમરામતને લીધે બંધ રહેવાને કારણે આ રસ્તાઓ ઉપર અવાર-નવાર ઉદભવતી ટ્રાફીક સમસ્યા હવે આ નવા ચારમાર્ગીય બ્રિજનું નિર્માણ થયેલી હલ થશે અને મધ્ય તથા દક્ષિણ ગુજરાત વચ્ચેનો વાહન વ્યવહાર સરળ બનશે.

શાહરૂખની ફિલ્મ દિલવાલેનો રાજ્યભરમાં ભારે વિરોધ

અમદાવાદમાં પણ મલ્ટીપ્લેક્સમાં શાહરૂખની ફિલ્મના શો રદ : મહેસાણા, વલસાડ, સુરતમાં પણ દેખાવો કરાયા

અમદાવાદ, તા.૧૮

શાહરુખખાન અભિનીત દિલવાલે ફિલ્મના શ્રેણીબદ્ધ શો ફિલ્મની રજૂઆતના પ્રથમ દિવસે જ રદ્દ કરી દેવામાં આવ્યા હતા. જુદા જુદા વર્ગ તરફથી શાહરુખખાનની ફિલ્મ સામે જોરદાર નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. ભારતમાં અસહિષ્ણુતાના સંદર્ભમાં શાહરુખ ખાન દ્વારા કરવામાં આવેલા નિવેદન સામેના વિરોધમાં જોરદાર દેખાવો થયા હતા. અમદાવાદ, સુરત અને અન્યત્ર જગ્યાઓ ઉપર શાહરુખ ખાનની ફિલ્મના શો રદ થયા હતા. અમદાવાદમાં બેથી વધુ સિનેમા હોલ, મહેસાણા, વ્યારા, માંડવી, વલસાડમાં દેખાવો કરવામાં આવ્યા હતા અને શોને અધવચ્ચે બંધ કરાયા હતા. રાયપુરમાં સિટી પ્લસ નજીક જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા જ્યારે કાંકરિયામાં અપ્સરા ખાતે, સીટીએમ વિસ્તારમાં, રિવોલ્યુશન વિસ્તારમાં પણ દેખાવો કરાયા હતા. સુરતમાં પણ હિન્દુ રાષ્ટ્ર સેના દ્વારા દેખાવો કરાયા હતા. પોલીસે દેખાવ કરી રહેલા ઘણા લોકોની સુરતમાં ધરપકડ કરી હતી. વલસાડમાં પણ વિરોધ પ્રદર્શન જારી રહ્યો હતો. તાપીમાં શોને રદ કરવાની ફરજ પડી હતી જ્યારે કચ્છ જિલ્લાના માંડવીમાં પણ શોને રદ કરવાની ફરજ પડી હતી. શાહરુખ ખાનની સાથે સાથે આમિર ખાનને પણ દેશદ્રોહી તરીકે ગણાવ્યા હતા.

આજે શહેરના એસજી હાઈવે પર એન્જલ મલ્ટીપ્લેક્ષ પણ દિલવાલેના શો રદ કરાયા હતા. મહેસાણા અને વલસાડમાં પણ વિવાદ રહ્યો છે. શાહરુખની ફિલ્મ રજૂઆત થાય તે પહેલા જ ગઈકાલથી જ દેખાવો શરૂ થયા હતા. શહેરમાં દિલવાલે મુવીના પોસ્ટર્સ ફાટવામાં આવ્યા હતા અને થિયેટરમાં અણબનાવની અમદાવાદના થલતેજ સ્થિત પીવીઆરમાં આજના શો રદ કરવામાં આવ્યા છે. અમદાવાદમાં થલતેજ પીવીઆર સિનેમાઘરમાં, રાયપુર સિટી, પ્લસ થિયેટર, મિરાજ સિનેમામાં બેનરો સાથે અને બેનર વગર પણ વિરોધ પ્રદર્શન થયું હતું, દેશ અંગેની અગાઉ કરેલી શાહરૂખની કોમેન્ટ તેની હાલની ફિલ્મ માટે ભારે પડી રહી છે. અમદાવાદ શહેરમાં ગઈ કાલે જ ઘણા વિસ્તારોમાં શાહરૂખ ખાનની આવનારી ફિલ્મ દિલવાલે સામે વિરોધ નોંધાવતા બહિષ્કાર અંગેના પોસ્ટર્સ લાગવા લાગ્યા હતા. આઈ.આઈ.એમ, હેલ્મેટ ચાર રસ્તા વગેરે સ્થળો પર બોયકોટ દિલવાલેના પોસ્ટર્સ લાગવા લાગ્યા હતા. જે પછી આજે અમદાવાદના ઘણા થિયેટર્સ અને મલ્ટિપ્લેક્સિસ બહાર લાગેલા ફિલ્મના પોસ્ટર્સલોકોફાડી રહ્યા છેતોબીજી તરફ વિરોધ પ્રદર્શનને લઈને અમદાવાદના થલતેજ વિસ્તારના પીવીઆરમાંઆજના શોરદ કરી દેવામાંઆવ્યા છે. શાહરુખ ખાનની ફિલ્મનેવિરોધ પ્રદર્શન જારી રહે તેવી શક્યતા છે.

લાલચોળ ટામેટા શાક માર્કેટમાં હોટ ફેવરીટ, માત્ર ૧૦ રૂ. કિલો

ગાંધીનગર, તા. ૧૮

શિયાળાની ગુલાબી ઠંડી ઋતુમાં લીલા શાકભાજી ખાવાનું આરોગ્યની દૃષ્ટિએ વધુ ગુણકારી મનાય છે. શાકમાર્કેટમાં આંખોને છંડક આપતા ગ્રીન વેજીટેબલ્સ વચ્ચે લાલ ચોળ ટામેટાની પણ ગૃહિણીઓ વિશેષ ખરીદી કરે છે. લાલ ચટાકેદાર ટમેટા ખાસ કરીને ઠંડીની ઋતુમાં સલાડની સાથે સૂપ બનાવવાના ઉપયોગમાં લેવાય છે. ત્યારે ટમેટાના ભાવમાં પણ ભારે ગીરાવટ જોવા મળી રહી છે. માત્ર રૂ. ૧૦ના કિલો વેચાતા ટામેટા ગૃહિણીઓ હોંશે હોંશે ખરીદે છે. લાલચોળ ટામેટા રસાળ સ્વાદિષ્ટ અને ગુણકારી હોવાથી શાકમાર્કેટમાં પણ તેનું વિશેષ વેચાણ થાય છે. સાથે સાથે બજારોમાં લીલા શાકભાજીનું પણ વિશેષ પ્રમાણમાં વેચાણ થાય છે. હાલ શિયાળાની ઋતુમાં સ્વાદપ્રેમીઓમાં ઊંધીયુ ખાવાનું ચટકો હોવાના લીધે તુવેર, પાપડી, બટાકા, રતાળુ, શક્કરીયા, વટાણા, ફલાવર, કોબીજ, રીંગણા, લીલામરચા, ગાજર, ડુંગરી, પાલક, મેથી, સુવા જેવી વિવિધ શાકભાજીઓનું પણ ઉપાડ બજારમાં વધુ થઈ રહ્યો છે. ઠંડીની ઋતુમાં લીલા શાકભાજી આરોગ્યની દૃષ્ટિએ ફાયદાકારક હોવાથી તેનો ઉપયોગ સ્વભાવિક રીતે જ વધુ થાય છે. જ્યારે આ દરમિયાન લીલા શાકભાજીના ભાવો પણ નિયંત્રણમાં હોવાથી ગૃહિણીઓ ગ્રીનવેજીટેબલ વિશેષ માત્રામાં ખરીદે છે. લીલા શાકભાજી વચ્ચે લાલચોળ ટામેટાના ભાવમાં પણ ગીરાવટ જોવા મળી છે.

(તસવીર : દિપક જાની)

ઠંડીની ઋતુમાં સલાડ અને સૂપના ઉપયોગમાં લેવાતા ટામેટા રૂપ રંગની સાથે ભાવની દૃષ્ટિએ આકર્ષણનું કેન્દ્ર

ગુજરાતી થાળીમાં શાક બનાવવા ઉપરાંત સલાડ અને સૂપ સહિત અનેક રીતે ગુણકારી ટામેટા ખાવાના ઉપયોગમાં લેવાય છે. શાકમાર્કેટમાં પણ ટામેટાના ઢગ જોવા મળી રહ્યા છે. ટામેટાના ઉત્પાદનની સાથે ખરીદી તરફ પણ વિશેષ જોક જોવા મળી રહ્યો છે. શાકમાર્કેટ બજારમાં રૂપરંગની સાથે ટામેટા ભાવની દૃષ્ટિએ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

અરવલ્લી જિલ્લાની મોડાસા એઆરટીઓમાં

પાકા લાયસન્સ માટેના સ્માર્ટ કાર્ડની અછત અરજદારોને ભોગવવી પડતી હાલાકી

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાનું સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજન થતાં અરવલ્લી જિલ્લાની એઆરટીઓ કચેરી શામળાજી રોડ પર ગાજણ ટોલનાકાથી આગળ એક વર્ષ અગાઉ શરૂ કરવામાં આવેલ છે. પણ આ એઆરટીઓ કચેરીમાં પાકા લાયસન્સ માટે ટેસ્ટ આપ્યાના બે બે માસ થવા છતાં પાકા લાયસન્સ અરજદારોને મળ્યા નથી.

પ્રાપ્ત વિગત અનુસાર મોડાસા એઆરટીઓ કચેરીમાં લાયસન્સ અને આરટીઓને લગતી તમામ કામગીરી કરવામાં આવે છે અને આ જિલ્લામાં મેઘરજ, માલપુર, મોડાસા, ભિલોડા અને બાયડ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અને આ તમામ તાલુકાની આમ જનતાએ આરટીઓને લગતી તમામ કામગીરી માટે આ કચેરીમાં આવવું પડે છે. આ કચેરીમાં પાકા લાયસન્સ માટે અરજદારોએ મોડાસા ફી ભરી ટેસ્ટ માટે આખો દિવસ બગાડીને છેક દૂર દૂરથી હિંમતનગર જવુ પડે છે અને ત્યાં જઈને પણ લાઈનોમાં ઉભા રહેવાનો વારો આવે છે. આ હાલાકી પણ અરજદારો ભોગવે છે અને આ હાલાકી ન ભોગવવી પડે એ માટે આ

ટેસ્ટ મોડાસા એઆરટીઓમાં જ લેવાય તેવી જનતાની માંગણી છે. આરટીઆઈ એક્ટ ૨૦૦૫ મુજબ પાકુ લાયસન્સ અરજદારને ટેસ્ટના ૩ દિવસમાં સ્પીડ પોસ્ટથી અરજદારના નામ સરનામે મોકલી આપવાની જોગવાઈ છે અને આ અંગેનું બેનર પણ આ કચેરીમાં લગાવેલ છે છતાં પણ આ કચેરીમાં આ આરટીઆઈના કોઈજ નિયમનું પાલન કરવામાં આવતું નથી અને અધિકારીઓ પોતાની મનમાનીથી આ કચેરીનો વહિવટ ચલાવી રહ્યા છે. અને આ કચેરીમાં આરટીઆઈના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. કોઈપણ અરજીનો નિકાલ આરટીઆઈ એક્ટના સમય લીમીટની અંદર કરવામાં આવતો નથી. આ સમસ્યાના કારણે બે-બે મહિના થવા છતાં સ્માર્ટ કાર્ડના અભાવે પાકા લાયસન્સ માટે અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડે છે અને ઘણી બધી મુસીબતોનો સામનો કરવો પડે છે. આ માટે અરજદારોને સમયસર પોતાના પાકા લાયસન્સ મળી જાય તેવી તમામ જિલ્લાની જનતાની ઉગ્ર માંગ છે.

મહેસાણા જિલ્લામાં મનરેગા યોજના પર સેમીનાર યોજાયો

ગ્રામ વિકાસ વિભાગના અધિક કમિશ્નર શ્રી યુ.ડી.સિંઘે મનરેગા સેમિનાર પ્રસંગે જણાવ્યું હતું કે મનરેગા યોજના દ્વારા ગરીબ કુટુંબોને ઘર-આંગણે રોજગારી આપી તેનું જીવન ધોરણ ઉંચુ લાવવાનો પ્રયાસ છે. સિંઘે વધુમાં જણાવ્યું હતું કે ગરીબ વ્યક્તિઓને ઘર આંગણે રોજગારી પ્રાપ્ત થતા શહેર તરફનું સ્થળાંતર ઘટે છે અને રાજ્ય સમતોલ વિકાસ કરી શકાય છે

સિંઘે મનરેગા યોજના અંતર્ગત વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરીની જાણકારી આપી હતી અને જિલ્લામા થયેલા કામોની સમીક્ષા કરી હતી.

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા
ગાંધીનગર જિલ્લા પંચાયત, મા અને મ વિભાગ
જાહેર નિવિદા નં. ૯/૨૦૧૫-૧૬

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે મુજબના કામોના પેકેજ માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ	તા. ૪/૧/૨૦૧૬, સમય : ૧૮.૧૦ કલાક સુધી
ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડૉક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.)	તા. ૧૧/૧/૨૦૧૬
ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન	તા. ૫/૧/૨૦૧૬, સમય ૧૨.૩૦ કલાક

૧. વાઈડનીંગ રેઈઝીંગ એન્ડ સ્ટ્રેંધનીંગ કાકાના તારાપુર ટુ જલંદ રોડ ઈન તાલુકો ગાંધીનગર
૨. એસ.આર. (૧૫-૧૬) ટુ વેરીઅર્સ રોડ્સ ઈન કલોલ એન્ડ ગાંધીનગર તાલુકો

માહિતી/૨૦૭૪/૨૦૧૫-૧૬

હાજર થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેજિસ્ટ્રેટ દરેક આરોપીના નામ આપશે અને તેમની હાજરી નોંધશે. જો કોઈ આરોપી ગેરહાજર રહેશે તો તેમના ડિફેન્સ વકીલો ગેરહાજરી માટે તેમની મુક્તિની માંગ કરશે. કોર્ટ તેમની અરજીને ફગાવી શકે છે અથવા તો રદ કરી શકે છે. સુનાવણીની આગામી તારીખ પડે તેવી શક્યતા છે. લોકોમાં એવી ચર્ચા છે કે રાહુલ અને સોનિયા ગાંધી સાથે આ કેસમાં શુ થશે તેમને તિહાર જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવે તેવી શક્યતા ઓછી છે. હાલમાં એવુ નક્કી કરવામાં આવ્યુ છે કે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી હેરાલ્ડ કેસમાં જામીન મેળવવા માટે અરજી કરશે નહીં. આ બંને નેતાઓ પટિયાલા હાઉસ કોર્ટમાં અન્ય આરોપીઓની સાથે ઉપસ્થિત રહેશે. ૧૯મી ડિસેમ્બરના દિવસે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને પટિયાલા કોર્ટમાં ઉપસ્થિત થવા માટે સમન્સ જારી કરવામાં આવ્યા છે. દિલ્હી હાઈકોર્ટે હાલમાં સમન્સ જારી કરવાના સંદર્ભમાં પ્રતિક્રિયા આપી હતી. આને રદ કરવાની માંગણી પણ કરવામાં આવી હતી પરંતુ આ અરજી ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટે ૧૯મી ડિસેમ્બરના દિવસે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને કોર્ટમાં ઉપસ્થિત થવા માટે કહેવામાં આવ્યું હતું. પાર્ટીના વરિષ્ઠ નેતા કહી ચુક્યા છે કે, કોંગ્રેસ મોટાપાયે હોબાળો મચાવવા સજ્જ છે. આ મામલામાં રાજકીય રંગ આપવાના પ્રયાસ કરવામાં આવશે. રાજકીય બદલાની ભાવનાથી પગલા લેવાઈ રહ્યા હોવાનો આક્ષેપ રાહુલ ગાંધી કરી ચુક્યા છે. ૧૯મી ડિસેમ્બર એટલે કે શનિવારના દિવસે જવાબ આપવા માટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને કોર્ટમાં ઉપસ્થિત થવું પડશે.

સેંસેક્સમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

બ્રોડરમાર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૬-૧.૭ ટકા-વચ્ચેનો સુધારો રહ્યો હતો. માર્કેટ બ્રિડ્થ પણ મજબૂત રહી હતી.

૧૭૬૮ શેરમાં તેજી અને ૭૫૬ શેરમાં મંદી રહી હતી. મોટાભાગના શેરમાં મિશ્ર સ્થિતિ જોવા મળી હતી. ગુરૂવારે ફાઈનાન્સિયલ શેરોમાં સૌથી મોટો ઉછાળો રહ્યો હતો. ગઈકાલે જ અમેરિકાએ વ્યાજદરમાં વધારો કર્યા બાદ તેની અસર નોંધાઈ હતી. યુએસ ફેડરલ રીઝર્વે આખરે વૈશ્વિક બજારોની અપેક્ષા મુજબ જ આશરે એક દશકના લાંબા ગાળા બાદ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો કરી દીધો છે.

બાજીરાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપના સાંસદ અનિલ શિરોલેએ કહ્યુ હતુ કે ફિલ્મ નિર્માતાઓ ઈતિહાસ પર ફિલ્મ બનાવતી વેળા વાસ્તવિકતા પર ધ્યાન આપતા નથી. બીજી બાજુ શાહરૂખની ફિલ્મ દિલવાલેનો પણ જોરદાર વિરોદ કરવામાં આવ્યો છે. પુણેમાં અગાઉ કેટલાક થિયેટરના માલિકોએ પોલીસ રક્ષણની માંગ કરી હતી. કારણ કે તોડફોડ કરવાની ધમકી આપવામાં આવી હતી. કેટલાક થિયેટરો પર એડવાન્સ બુકિંગને રોકી દેવાની ફરજ પડી છે. સંજયલીલા ભણશાળીની નવી ફિલ્મ બાજીરાવ મસ્તાની દેશભરમાં આજે સવારે રજૂ કરવામાં આવી હતી.ભારતીય ઐતિહાસિક રોમાન્સ પર આધારિત નવી ફિલ્મને લઈને લોકોમાં પહેલાથી જ ઉત્સુકતા હતી. જો કે હવે વિવાદ છેડાઈ ગયો છે. સંજય લીલાની ફિલ્મમાં અગાઉ પણ રણવીરસિંહ એક વખત કામ કરી ચુક્યો છે.

હવે બીજી વખત તે સંજય લીલા સાથે કામ કરી રહ્યો છે. મરાઠા સમ્રાટ પેશવા બાજીરાવ પર ફિલ્મ બનાવાઈ છે. ફિલ્મમાં પ્રિયંકા ચોપડા અને દિપિકા મુખ્ય ભૂમિકા છે. પ્રિયંકા ચોપડા બાજીરાવની પ્રથમ પત્નિ કાશીબાઈની ભૂમિકામાં છે જ્યારે દિપિકા બાજીરાવની પ્રેમિકા મસ્તાનીની ભૂમિકામાં છે. રણવીર સિંહ ફિલ્મમાં બાજીરાવની

ભૂમિકામાં છે. ૧૫૮ મિનિટ લાંબી આ ફિલ્મની ચાહકો છેલ્લા કેટલાક સમયથી રાહ જોઈ રહ્યા હતા. ફિલ્મને લઈને રજૂઆત પહેલા કેટલાક મોરચે વિખવાદ છે. ફોટોગ્રાફીની શરૂઆત ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસથી શરૂ થઈ હતી. રણવીર અને પ્રિયંકા સાથે શુટિંગની શરૂઆત થઈ હતી. માર્ચ ૨૦૧૫માં ફિલ્મના શુટિંગની શરૂઆત કરવામાં આવી હતી. ફિલ્મના મોટા ભાગના શુટિંગને મુંબઈના ફિલ્મ સિટી સ્ટુડિયોમાં પૂર્ણ કરવામાં આવ્યુ છે. આઉટડોર સિકવન્સમાં મધ્યપ્રદેશમાં કેટલીક જગ્યાએ શુટિંગ કરવામાં આવ્યુ હતુ. સંજય લીલાની ભુતકાળમાં આવેલી ફિલ્મોને લઈને પણ હમેંશા હોબાળો રહ્યો છે. ભાજપ અને યુવા સભ્યોનો આક્ષેપ છે કે ફિલ્મમાં પેશવાની પ્રતિષ્ઠાને અયોગ્યરીતે રજૂ કરવામાં આવી છે.

કોન્ફરન્સનો પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરાંત નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી, સીબીઆઈ, આઈબી, નારકોટિક્સ વિભાગ, જુદી જુદી પોલીસ ટ્રેનિંગ એકેડેમીના અધિકારીઓ પણ ભાગ લઈ રહ્યા છે. બીએસએફ, સીઆરપીએફ અને અન્ય અર્ધલશ્કરી દળોના વડાઓ પણ ઉપસ્થિત છે. ડીજીપી અને ઉચ્ચ અધિકારીઓને કચ્છના સફેદ રણ ખાતે ઘોરડો પહોંચવા બીએસએફના હેલિકોપ્ટરોની વ્યવસ્થા કરાઈ છે. બીજી બાજુ કચ્છમાં ટોપ પોલીસ અધિકારીઓની આજે શરૂ થયેલી ત્રણ દિવસની કોન્ફરન્સને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી)ના અધિકારીઓ અને સેન્ટ્રલ આઈબી દ્વારા સુરક્ષાની જવાબદારી સંભાળી લેવામાં આવી છે. આઠ કિલોમીટર સુધીના વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા અભૂતપૂર્વ રાખવામાં આવી છે. ટેન્ટ સિટી છાવણીમાં ફેરવાઈ ગયુંછે. ૧૯મીએ દિવસની શરૂઆત યોગા સાથે થશે. સુરક્ષા પાસાઓના સંદર્ભમાં માહિતી આપતા ગુજરાત પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, સાવચેતીના પગલા લેવાયા છે.

ટ્રીમીંગ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાંભલાઓ માટે પણ આડશ બને છે. કેટલાક વિસ્તારમાં માર્ગો પર પુરતુ અજવાળુ પણ પથરાતુ નથી. સેક્ટરના જાગૃત નાગરિકો દ્વારા છેલ્લા ૬ મહીનાથી આંતરિક માર્ગો પર વૃક્ષોનું ટ્રીમીંગ હાથ ધરવા વનતંત્રને રજૂઆત કરવામાં આવે છે. આમ છતાં સ્થાનિક રહીશોની ફરિયાદોનું નિરાકરણ આવતુ નથી. જિલ્લા વનતંત્રની કચેરીમાં જાણે આમ નાગરિકોની ફરિયાદો સાંભળવા માટે કોઈ ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કેટલાક ઠેકાણે નમી પડેલા વૃક્ષો પણ હજુ સુધી દૂર કરવામાં આવ્યા નથી. રીટ્રાન્સપ્લાન્ટેશનની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. વનતંત્રનો વહીવટ ખાડે જતા નગરજનોની આસપાસ પણ સમસ્યાઓ મંડરાયેલી છે.